# જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU)

ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS)
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી
અમરેલી-૩૬૫૬૦૧
ફોન નં. ૦૨૭૯૨ ૨૨૭૧૨૨

(જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન)

#AmritMahotsav

**અહી ક્લિક કરી કૃષિ હવામાન બુલેટીન અંગે આપના પ્રતિભાવ અવશ્ય જણાવો**

અમરેલી જીલ્લાના તાલુકાઓ મુજબની હવામાન આધારિત કૃષિ સલાહ માટે **ટેલીગ્રામ** અથવા **વોટ્સએપ ગ્રુપમાં** જોડાવા અંતિમ પેજની મુલાકાત લો

**અમરેલી કૃષિ હવામાન બુલેટીન ક્ર. ૦૭૫/૨૦૨૩**

**તા. ૨૨-૦૯-૨૦૨૩**

## પાછલા અઠવાડીયાનું અમરેલીનું હવામાન

| | હવામાન પરિબળો | 16-09-23 | 17-09-23 | 18-09-23 | 19-09-23 | 20-09-23 | 21-09-23 | 22-09-23 (2 pm) |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વરસાદ (મી.મી.) | 0 | 0 | 3.5 | 37 | 0.5 | 1.5 | 12.5 |
| ૨ | મહત્તમ તાપમાન (°સે.) | 31.2 | 29.6 | 27 | 30.9 | 32.8 | 32.6 | 33.1 |
| ૩ | લઘુત્તમ તાપમાન (°સે.) | 26.2 | 24.8 | 25 | 25.5 | 25.3 | 25 | 25 |
| ૪ | મહત્તમ ભેજ સવાર (%) | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 |
| ૫ | લઘુત્તમ ભેજ બપોર (%) | 71 | 81 | 100 | 83 | 71 | 73 | 68 |
| ૬ | પવનની ગતિ (કિ.મી./કલાક) | 11.8 | 12.1 | 10.8 | 9.1 | 9.4 | 7.9 | 6.2 |
| ૭ | વાદળની સ્થિતિ (ઓકટા) ૮ માંથી | 5 | 6 | 8 | 8 | 6 | 8 | 3 |

## અમરેલી જીલ્લાની તા. 23/09/2023 થી 27/09/2023 ની હવામાન આગાહી:

| # | હવામાન પરિબળો | 23/09/2023 | 24/09/2023 | 25/09/2023 | 26/09/2023 | 27/09/2023 |
|---|---|---|---|---|---|---|
| ૧ | વરસાદ (મી.મી.) | 7 | 29 | 49 | 43 | 33 |
| ૨ | મહત્તમ તાપમાન (°સે.) | 34 | 33 | 33 | 33 | 34 |
| ૩ | લઘુત્તમ તાપમાન (°સે.) | 24 | 24 | 24 | 23 | 24 |
| ૪ | મહત્તમ ભેજ સવાર (%) | 87 | 88 | 91 | 87 | 92 |
| ૫ | લઘુત્તમ ભેજ બપોર (%) | 60 | 62 | 65 | 60 | 66 |
| ૬ | પવનની ગતિ (કિ.મી./કલાક) | 12 | 12 | 12 | 12 | 10 |
| ૭ | પવનની દિશા (ડિગ્રી) | 248 પશ્ચિમ નૈરુત્ય | 248 પશ્ચિમ નૈરુત્ય | 252 પશ્ચિમ નૈરુત્ય | 270 પશ્ચિમ | 296 પશ્ચિમ વાયવ્ય |
| ૮ | વાદળની સ્થિતિ (ઓકટા) ૮ માંથી | 7 | 7 | 6 | 7 | 8 |

**નોંધ**: આ આગાહી સમગ્ર જીલ્લાની સરેરાશ હોય છે એટલે તેને કોઇ પણ એક જગ્યા માટે લાગુ કરવી નહિ.

**હવામાન સારાંશ**

અમરેલી જીલ્લામાં આગામી ૫ દિવસ દરમિયાન હવામાન ભેજવાળું અને વાદળછાયું રહેવાની શક્યતા છે. મહત્તમ તાપમાન **33-34** °સે અને લઘુત્તમ તાપમાન **૨૩-૨૪** °સે જેટલું રહેવાની શક્યતા છે.

**તા. ૨૨-૨૩ સપ્ટેમ્બર** દરમિયાન જીલ્લાના છુટા છવાયા વિસ્તારોમાં હળવા થી મધ્યમ, અને ઘણા વિસ્તારોમાં હળવા વરસાદની શક્યતા છે.

**તા. ૨૪-૨૭ સપ્ટેમ્બર** દરમિયાન જીલ્લાના ઘણા વિસ્તારોમાં હળવા થી મધ્યમ, અમુક વિસ્તારોમાં મધ્યમ થી ભારે વરસાદની શક્યતા છે. મહત્તમ પવનની ગતિ સામાન્ય, અંદાજીત **૧૦-૧૨** કિમી/કલાક સુધી ની રહેવાની શક્યતા છે. પવનની દિશા **પશ્ચિમ નૈરુત્ય થી પશ્ચિમ વાયવ્ય** રહેવાની શક્યતા છે.

**આગોતરું અનુમાન: તા. ૨૮ સપ્ટેમ્બર થી ૦૨ ઓક્ટોબર ૨૦૨૩** દરમિયાન **સૌરાષ્ટ્ર**માં છુટા છવાયા વિસ્તારોમાં હળવા થી મધ્યમ, અમુક વિસ્તારોમાં મધ્યમ થી ભારે વરસાદની શક્યતા છે**,** જેમાં નોંધપાત્ર ફેરફાર થઇ શકે છે. **મહત્તમ તાપમાન ૩૦-૩૪** °સે અને **લઘુતમ તાપમાન ૨૪-૨૮** °સે રહેવાની શક્યતા છે.

**સામાન્ય કૃષિ સલાહ**

→ વરસાદની ઓછી માત્રા ને કારણે કોઈ પાક નિષ્ફળ ગયો હોય તો તે જમીનમાં ગુવાર, મગ, અડદ, તુવેર, દિવેલા, પૂર્વા- તલ, અર્ધ શિયાળુ ડુંગળી, અર્ધીશિયાળુ બાજરી, બીજ માટે શણ તથા ઘાસચારાના પાક જુવાર, ચોળી, સૂર્યમુખીનું વાવેતર કરી શકાય.

→ જમીનજન્ય રોગ, મગફળીમાં સફેદફૂગનો સુકારો, કપાસનો સુકારો, મૂળખાઈ રોગના નિયંત્રણ માટે ટ્રાઇકોડર્માં ફૂગનો પાઉડર હેકટરે ૨.૫ કીલો વાપરવો. રોગનો ઉપદ્રવ વધારે હોય તો  કાબેન્ડાઝીમ ૦.૦૫ % ૧૦ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણી મિશ્રણ કરી મૂળ વિસ્તારમાં  રેડવું (ડ્રેન્ચિંગ કરવું).

→ વધુ વરસાદને લીધે કોઈ પાક નિષ્ફળ ગયો હોય તો ૧૫ થી ૨૦ દિવસમાં રાયડો અને પૂર્વ શિયાળુ બાજરી નું વાવેતર કરી શકાય છે.

→ ઉભા પાકમાં જંતુનાશક, ફૂગનાશક, દ્રાવ્ય ખાતરનો છંટકાવ વરાપ હોય તો કરવો.


→ વધુ વરસાદને લીધે કોઈ પાક નિષ્ફળ ગયો હોય તો ૧૫ થી ૨૦ દિવસમાં રાયડો અને પૂર્વ શિયાળુ બાજરી નું વાવેતર કરી શકાય છે.

**SMS**

→ **વધુ વરસાદને લીધે કોઇ પાક નિષ્ફળ ગયો હોય તો આકસ્મિક પાક આયોજનના રૂપે વૈકલ્પિક પાકોનું વાવેતર કરવું.**


| પાક | વાવેતર માટે યોગ્ય સમય | પાકની જાતની પસંદગી |
|---|---|---|
| **પૂર્વ રવિ બાજરી** | ૧૫ સપ્ટેમ્બર થી ૧૫ ઓક્ટોબર | ગુજરાત સંકર બાજરા-૫૨૬, ગુજરાત સંકર બાજરા-૫૩૮, ગુજરાત સંકર બાજરા -૫૫૮ |
| **ડુંગળી** | ઓક્ટોબર | ગુજરાત સફેડ ડુંગળી-૧, પીળીપત્તી, તળજા લાલ, એગ્રીફાઉન્ડ લાઇટ રેડ, ગુજરાત જૂનાગઢ લાલ ડુંગળી-૧૧ |
| **લસણ** | ઓક્ટોબર | ગુજરાત લસણ-૩, ગુજરાત લસણ-૪, ગુજરાત જૂનાગઢ લસણ-૫ |
| **વરિયાળી** | સપ્ટેમ્બરમાં ધરૂ ઉછેર અને ઓક્ટોબરમાં ફેરરોપણી | ગુજરાત વરિયાળી-૧૧ |
| **અજમો** | ઓક્ટોબર | ગુજરાત અજમો-૧, ગુજરાત અજમો |
| **સુવા** | ઓક્ટોબર | ગુજરાત સુવા-૧, ગુજરાત સૂવા-૨, ગુજરાત સુવા-૩ |
| **વાલ** | ઓક્ટોબર થી નવેમ્બર | ગુજરાત વાલ-૧, ગુજરાત વાલ-૨ |
| **વટાણા** | ઓક્ટોબર થી નવેમ્બર | એનપી-૨૯ |
| **જુવાર** | ઓક્ટોબર | ગુજરાત જુવાર-૪૦, ગુજરાત જુવાર-૪૧, ગુજરાત જુવાર-૪૩, ગુજરાત સંકર જુવાર-૧, ગુજરાત ઘાસચારા જુવાર-૪, ગુજરાત ઘાસચારા જુવાર-૬, ગુજરાત આણંદ ઘાસચારા જુવાર-૧૩ |
| **મકાઈ** | ઓક્ટોબર | ગુજરાત મકાઈ-૪, ગુજરાત મકાઈ-૬, નર્મદા મોતી, ગુજરાત દાંતીવાડા પીળી મકાઇ સંકર-૧, ગુજરાત આણંદ પીળી મકાઇ સંકર-૩, માધુરી (સ્વીટ કોર્ન), મધુરમ (સ્વીટ કોર્ન), અંબર (પોપ કોર્ન), મહાશ્વેતા (પોપ કોર્ન) |
| **સુર્યમુખી** | સપ્ટેમ્બર-ઓક્ટોબર | ગુજરાત સુર્યમુખી-૧, ગુજરાત સૂર્યમુખી-૨, ગુજરાત સૂર્યમુખી-૩ |
| **રાઈ** | ઓક્ટોબર | ગુજરાત રાઈ-૧, ગુજરાત રાઈ-૨, ગુજરાત રાઈ-૩ |
| **ચણા** | ઓક્ટોબર | ગુજરાત જૂનાગઢ ચણા-૩, ગુજરાત જૂનાગઢ ચણા-૫_ |
| **કોબીજ** | ઓગષ્ટ થી જાન્યુઆરી | ગોલ્ડન એકર, પુસા ડમ હેડ |
| **ફુલકોબી** | ઓક્ટોબર થી નવેમ્બર | અર્લી કુંવારી, પુસા કાર્તિકી, પુસા દિપાલી, અર્લી સિન્થેટીક |
| **ગાજર** | ઓક્ટોબર થી નવેમ્બર | ગુજરાત દાંતીવાડા ગાજર-૧, ગોલ્ડન હાર્ટ,કાશ્મિરી બ્યુટી |

## પાક મુજબ કૃષિ સલાહ

| પાક | પાક અવસ્થા | કામગીરી / જાત / રોગ/ જીવાત | કૃષિ સલાહ |
|---|---|---|---|
| ડુંગળી (ચોમાસુ) | વૃદ્ધિ અને કંદનો વિકાસ | જાંબલી ધાબા |   ડાઈફેનોકોનાઝોલ (૨૫ ઇસી) ૪૦ મિલી ૨૦૦ લીટર પાણીમાં અથવા કીટાઝીન (૪૮ ઇસી) ૮૦ મિલી ૮૦ લીટર પાણીમાં પ્રતિ એકર વરાપ થયે છંટકાવ કરવો |
| | | કંદનો સડો |  કોપરઓકિસકલોરાઇડ (૫૦ વેપા) ૫૦૦ ગ્રામ + કર્બેન્ડાઝીમ ૧૫૦ ગ્રામ પ્રતિ એકર મુજબ પિયત સાથે આપવું. |
| ડુંગળી (અર્ધ શિયાળુ) | ફેર રોપણી | ગાદી ક્યારા બનાવવા | • ૪૦ થી ૪૫ દિવસનું ધરું થાય એટલે વારાપે ફેરરોપણી કરવી. |
| | | મૂળનો સડો | • મૂળનો સડો ના આવે તેના આગોતરા રસાયણિક નિયંત્રણ માટે ધરુંને કાર્બેન્ડાઝીમ (૫૦ વેપા) ૧૦ ગ્રામ/લિટર માં બોળીને ને ફેર રોપણી કરવી જોઇએ. |
| | | ખાતર | • પાયાનું ખાતર 72 કિ.ગ્રા. યુરિયા, ૩૧૨ કિ.ગ્રા. સિંગલ સુપર ફોસ્ફેટ, અને ૮૩ કિ.ગ્રા. મ્યુરેટ ઓફ પોટાશ જમીન ચકાસણી અહેવાલ મુજબ આપવું. |
| | | પૂર્તિ ખાતર | • પ્રથમ હપતો 72 કિ.ગ્રા. યુરિયા ૩ થી ૪ અઠવાડીયે જમીન ચકાસણી અહેવાલ મુજબ આપવું.<br>• બીજો હપતો 72 કિ.ગ્રા. યુરિયા ૬ થી ૭ અઠવાડીયે જમીન ચકાસણી અહેવાલ મુજબ આપવું. |
| ડુંગળી (શિયાળુ) | ધરું માટે જમીનની તૈયારી | ગાદી ક્યારા બનાવવા | • ચોમાસામાં ડુંગળીના પાકમાં ધરું ઉછેર માટે ગાદી ક્યારા બનાવવાની ભલામણ છે.<br>• એક હેક્ટર માટે ૪ થી ૫ ગુંઠામાં વાવેતર કરવું.<br>• કયારા ૪ થી ૫ મીટર લંબાઈના અને ૧ થી ૧.૫ મીટર પહોળાઈના જયારે ૧૫ સેમી ઉંચાઈના (ગાદી કયારા) તૈયાર કરવા.<br>• આ કયારામાં ૨૫ કિગ્રા એમોનિયમ સલ્ફેટ, ૧૭ કિગ્રા સીંગલ સુપર ફોસ્ફેટ અને ૪ થી ૫ કિ.ગ્રા.મ્યુરેટ ઓફ પોટાશ ઉમેરવો. |
| | | જાતો | • એન-૫૩, એગ્રીફાઉન્ડ ડાર્ક રેડ, બસવંત-૭૮૦, ભીમા સુપર |
| | | વાવેતર સમય | • સપ્ટેમ્બર-ઓક્ટોબર મહિનામાં વાવેતર કરી શકાય |
| મગફળી (ચોમાસુ) | ફૂલ થી સુયા અને ડોડવા બંધાવવાની અવસ્થા | પાનના ટપકાનો રોગ | પાનના ટપકાના રોગના આગોતરા નિયંત્રણ માટે હેક્ઝાકોનાઝોલ અથવા ટેબુકોનાઝોલ દવા ૧૬ મીલી પ્રતિ પંપમાં નાખી વરાપે છંટકાવ કરવો.   |
| | | ગેરુ |  • ક્લોરોથેલોનીલ ૭૫ વેપા ૨૭ ગ્રામ અથવા મેન્કોઝેબ ૭૫ વેપા ૨૭ ગ્રામ અથવા હેક્ઝાકોનાઝોલ ૫ ઇસી ૫ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી ત્રણ છંટકાવ ૧૨ થી ૧૫ દિવસના અંતરે કરવા અથવા લીમડાના તાજા પાનનો અર્ક ૧ ટકા દ્રાવણનો છંટકાવ કરવો. |

| | | | |
|---|---|---|---|
| | | તળ કીડી (વાયર વોર્મ) |  • પ્રતિ હેકટરે ફોરેટ ૧૦ કિલોગ્રામ મૂળમાં આપવું. |
| | | ઉગસુક/ કોલાર રોટ/સફેદ ફૂગ | • છોડનું જમીનમાંથી સ્ફૂરણ થઇ ગયા બાદ લગભગ દોઢ માસ સુધી આ ફૂગના કારણે જમીનની સપાટીએથી છોડ તૂટી જાય છે.<br>• ટ્રાયકોડરમાં પાવડર ૨.૫ કી.ગ્રા પ્રતિ હેકટરે ૫૦૦ કિલોગ્રામ દીવેલીને ખોળ સાથે આપવું.<br>• ઉપદ્રવ વધારે જણાય તો, કાબેન્ર્ડાઝીમ ૦.૦૫ % ૧૦ ગ્રામ પ્રતિ ૧૦ લિટર પાણી મિશ્રણ કરી મૂળ વિસ્તારમાં રેડવું (ડ્રેન્ચિંગ કરવું). |
| | | સફેદ ઘૈણ/ મુંડા | • ઉપદ્રવિત વિસ્તારમાં પ્રકાશ પિંજર પ્રતિ હેકટરે એકની સંખ્યામાં ગોઠવી તેમાં આકર્ષાયેલ ઢાલિયા તેમજ પાન ખાનાર ઇયળના ફૂદાનો નાશ કરવો. <br>• ઊભા પાકમાં ઉપદ્રવ જણાય તો ક્વિનાલફોસ ૨૫ ઈસી અથવા ક્લોરપાયરીફોસ ૨૦ ઇસી હેકટરે ૪ લિટર પ્રમાણે પિયતના પાણી સાથે ટીપે ટીપે આપી શકાય. જો પિયત આપવાનું થતું ન હોય અને સમાયાંતરે વરસાદ પડતો હોય તો કીટનાશક છાંટવાના પંપમાં દ્રાવણ ભરી તેની નોઝલ કાઢી લઈ ચાસમાં પુરતા પ્રમાણમાં આપવી |
| | | પાન ખાનાર ઈયળ (સ્પોડોપ્ટેરા) | • ઉપદ્રવિત વિસ્તારમાં પ્રકાશ પિંજર પ્રતિ હેકટરે એકની સંખ્યામાં ગોઠવી તેમાં આકર્ષાયેલ ઢાલિયા તેમજ પાન ખાનાર ઇયળના ફૂદાનો નાશ કરવો.<br>• સામૂહિક ધોરણે ફેરોમોન ટ્રેપ ૪૦ પ્રતિ હેકટર પ્રમાણે ગોઠવી આ જીવાતની વસ્તી કાબૂમાં રાખી શકાય.<br>ઉપદ્રવની શરૂઆતમાં લીંબોળીના મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા લીમડા આધારિત તૈયાર કીટનાશક ૨૦ મીલિ (૧ ઇસી) થી ૪૦ મીલિ (૦.૧૫ ઇસી) અથવા બ્યૂવેરીયા બેસીયાના નામની ફૂગનો પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી વરાપ થયે છંટકાવ કરવો.  |
| એરંડા | વાનસ્પતિક વૃદ્ધિ | લશ્કરી ઈયળ અને ઘોડીયા ઈયળ |  લશ્કરી ઈયળ અને ઘોડીયા ઇયળના નિયંત્રણ માટે ક્લોરન્ટ્રાનીલપ્રોલ ૧૮.૫% એસસી ૩ મિલી અથવા ઇન્ડોક્સાકાર્બ ૧૪.૫% એસસી ૫ મિલી અથવા એમામેક્ટીન બેન્ઝોએટ ૫% ડબલ્યુજી ૪ ગ્રામ અથવા સ્પીનોસાડ ૪૫ એસસી ૨ મિલી ૧૦ લીટર પાણીમાં ઓગાળી ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરવા. |
| | | ચુસીયા પ્રકારની જીવતો |  • તડતડીયા, થ્રીપ્સ અને સફેદ માખીના નિયંત્રણ માટે ઉપદ્રવની શરૂઆતમાં લીંબોળીની મીંજ ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા લીંબોળીનું તેલ ૫૦ મિ.લી. અથવા લીમડા આધારિત તૈયાર કીટનાશકનો ૧૦ મિ.લી. (૫ ઇસી) થી ૫૦ મ.લી. (૦.૦૩ ઇસી) ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.<br>• વધુ ઉપદ્રવ હોય તો ફ્લોનીકામાઇડ ૫૦ ડબલ્યૂજી ૩ ગ્રામ, થાયાક્લોપ્રિડ ૪૮ એસસી ૫ મિ.લી અથવા ડાયફેન્થ્યૂરોન ૫૦ ડબલ્યૂપી ૧૦ ગ્રામ અથવા ડીનોટેફ્યૂરાન ૨૦ એસજી ૩ ગ્રામ અથવા ક્લોથીઆનિડીન ૫૦ ડબલ્યૂડીજી ૪ ગ્રામ અથવા ફીપ્રોનીલ ૫ એસસી ૨૦ મિ.લી અથવા |

| | | | |
|---|---|---|---|
| | | | એસીફેટ ૫૦%+ ઈમિડાક્લોપ્રીડ ૧.૮% એસપી ૧૦ મિ.લી પ્રતિ ૧૦ લીટરપાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. |
| | | **સુકારો** |  • ટ્રાયકોડર્મા પાઉડર ૨.૫ કિલોગ્રામ પ્રતિ હેક્ટર દીવેલીના ખોળ સાથે જમીનમાં આપવો. |
| **કપાસ** | **વાનસ્પતિક વૃદ્ધિ થી ચાબખા અવસ્થા** | **ખાતર** | • કપાસમાં પાળા ચડાવતી વખતે ૫૫ કિ.ગ્રા. **DAP** અને ૧૨૫ કિ.ગ્રા. મ્યુરેટ ઓફ પોટાસ પ્રતિ હેક્ટર આપવું<br>• એમોનિયમ સલ્ફેટ ૩૪૪ કિ.ગ્રા. પ્રતિ હેક્ટર વાવેતર બાદ ના ત્રીજા અઠવાડિયે આપવું. |
| | | **વૃધ્ધિ વર્ધક** | • કપાસનો પાક ૫૦ થી ૭૦ દિવસનો થાય ત્યારે નેપ્થેલીક એસીટીક એસીડ (૩ ગ્રામ/૧૦ લિટર) છંટકાવ કરવાથી ક્લોરોફીલ, પાનની જાડાઇ ચાબખાની સંખ્યા અને સીમ્પોડીયાની લંબાઇ માં વધારો થાય તેમજ ખરણ અટકવાને લીધે ઉત્પાદન વધારી શકાય છે. |
| | | **પાન પીળા/લાલ પડી જવા** |  • પોષક તત્વોની ઉણપના લીધે કપાસના પાન પીળા અને લાલ થઇ જતા હોય તો, તાત્કાલીક પોષક તત્વોની પૂર્તિ કરવા બજારમાં મળતા ૧૯-૧૯-૧૯ (ના. ફો. પો.) એક પંપમાં ૧૦૦ ગ્રામ અને માઇક્રોમીકસ (ગ્રેડ-૪) ૨૫ ગ્રામ નાખી બે થી ત્રણ વાર છંટકાવ વરાપે કરવો જોઇએ. જેથી પાન પીળા/લાલ થતા અટકાવી શકાય. |
| | | **ફૂલ ચાપકા ખરી જવા** | • **કપાસના પાકમાં ફૂલ ચાપકા ખરી જતા અટકાવવા માટે નેપ્થેલીક એસેટિક એસીડ ૪.૫% દવા ૫ મિલી પ્રતિ દસ લીટર વરાપ થયે છંટકાવ કરવો.**<br>• બી.ટી. કપાસનું વાવેતર કરતા ખેડૂતોને વધારે ઉત્પાદન, અને કપાસની સારી વૃધ્ધિ કરવા ૫૦ દિવસે અને ૭૦ દિવસે ૩૦ પીપીએમ (૦.૩ ગ્રામ/૧૦ લી. પાણીમા) વૃધ્ધિ વર્ધક નેપ્થેલીન એસિટીક એસિડનો છંટકાવ કરવાથી પાનનાં હરિતદ્રવ્યમાં, પાનની જાડાઈમાં, ચાંપવામાં, સિમ્પોડીયાની લંબાઇ તેમજ જીંડવાની સંખ્યામાં વધારાના કારણે ઉત્પાદનમાં વધારો થાય છે. |
| | | **ગુલાબી ઈયળ** |  ઈંડા  ઈયળ  કોશેટો<br> પુંખ્ત<br>• કપાસમાં ગુલાબી ઈયળની મોજણી માટે પ્રતિ એકરે બે ફેરોમેન ટ્રેપ (લ્યુર સાથે) લગાડવા, રોજ ફૂદાની સંખ્યા તપાસવી અને સતત ૩ દિવસ સુધી સરેરાશ ૮ નર ફૂદા પકડાય તો લીંબોળીના મીંજ ૫% અથવા લીંબોળીનું તેલ ૫૦ મિલી પ્રતિ ૧૦ લીટર છંટકાવ કરવો.<br>• ગુલાબી ઈયળના સંપૂર્ણ સંકલિત નિયંત્રણની માહિતી માટે અહી ક્લિક કરો |
| **બાજરો (ચોમાસુ)** | **નીન્ઘલ અવસ્થા/ દાણા ભરાવાની અવસ્થા** | **પાનનાં ટપકા/બ્લાસ્ટ** |  • રોગની શરૂઆત થાવ ત્યારે, કાર્બેન્ડાઝીમ ૫૦ વેપા ૧૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી, બે છંટકાવ ૧૫-૨૦ દિવસના ગાળે કરવા |
| **તલ (ચોમાસુ)** | **વાનસ્પતિક વૃદ્ધિ** | **કોકડવા** |    • તલમાં કોકડવા મોટેભાગે કથીરી અથવા પાન વાળનાર ઈયળને લીધે થાય છે, કથીરીના નિયંત્રણ માટે ફેનપાયરોક્ષીમેટ ૫% ઇસી ૧૫ મિલી, અને કથીરી તેમજ |

| | | | |
|---|---|---|---|
| | | | પાનવાળનાર ઇયળ બંનેનો પ્રશ્ન હોય તો થાયોડીકાર્બ ૭૫% વેપા ૧૫ ગ્રામ પ્રતિ પંપ છંટકાવ કરવો. |
| | | **પર્ણગુચ્છ/ ફાયલોડી** |  • આ રોગ લીલાં તડતડીયાંથી ફેલાતો હોઇ, સૌપ્રથમ તો રોગીષ્ઠ છોડને ખેંચી ને તેનો નાશ કરવો અને ત્યારબાદ લીલાં તડતડીયાંના નિયંત્રણ માટે ડાયમીથોએટ ૩૦ ઇસી ૧૦ મિ.લિ ૧૦ લિટરમાં ભેળવી ૧૦ દિવસના અંતરે બે થી ત્રણ છંટકાવ કરવા. |
| | | **માથા બાંધનારી ઇયળ** | • પ્રકાશ પિંજર ગોઠવવાથી પાન વાળનાર ઇયળના ફૂદાંનીવસ્તી કાબૂમાં રહે છે.<br>• બીવેરીયા બેસીયાના નામની ફૂગનો પાઉડર ૪૦ ગ્રામ અથવા લીંબોળીની મીજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) ૧૦ લિટર પાણીમાં ભેળવી જીવાતના ઉપદ્રવની શરૂઆતમાં છંટકાવ કરવો. <br>• કિવનાલફોસ ૨૫ ઇસી ૨૦ મિ.લિ. અથવા ક્લોરપાયરીફોસ ૨૦ ઇસી ૨૦ મિ.લિ. અથવા એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં મેળવી છંટકાવ કરવો. |
| **તુવેર** | **વાવેતર થી બીજાંકુરણ** | **નિંદામણ** | • જરૂર મુજબ આંતરખેડ અને નિંદામણથી ખેતર ચોખ્ખુ રાખવું. જો ખેતમજુરોની અછત હોય તો રાસાયણિક નિયંત્રણ માટે પેન્ડીમીથીલીન (સ્ટોમ્પ) હેક્ટરે ૧ કિ.ગ્રા. સક્રિય તત્વ ૬૦૦ લીટર પાણીમાં ઓગાળીને છાટવાથી નિંદામણ નિયંત્રણ થાય છે. આ દવા વાવેતર બાદ તુરતજ ઉગાવો થાય તે પહેલા છાંટવી. |
| **મગ/અડદ** | **વાવેતર થી બીજાંકુરણ** | **પીળો પચરંગીયો** |  •આ રોગનું વહન સફેદમાખી દ્વારા થાય છે,જેના નિયંત્રણ માટે શોષકપ્રકારની કીટનાશકો જેવી કે ડાયમિથોએટ ૩૦ ઇસી ૧૦ મિ.લિ. અથવા ઇમિડાક્લોપ્રીડ ૧૭.૮ એસએલ ૩ મિ.લિ. અથવા એસીટામિપ્રિડ ૨૦ એસપી ૨ ગ્રામ અથવા એઝાડીરેક્ટીન ૪૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ઓગાળી જરૂરીયાત મુજબ છંટકાવ કરવો. |
| | | **કાલવ્રણ** |  • ઊભા પાકમાં રોગની શરૂઆત થાય ત્યારે કાર્બેન્ડાઝીમ ૫૦ વેપા ૧૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો |
| **મકાઇ** | | **પાનનો સૂકારો/ મેઇડીસ લીફ બ્લાઇટ** |  • ટેબૂકોનાઝોલ ૨૫ ઇસી ૧૦ મિ.લિ. અથવા પ્રોપીકોનાઝોલ ૨૫ ઇસી ૧૦ મિ.લિ. અથવા મેન્કોઝેબ ૭૫ વેપા ૨૭ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો અથવા ૧૦ % ગૌમૂત્ર (૧ લીટર પ્રતિ ૧૦ લીટર પાણી) અથવા લીમડાના પાનનો ૧૦ % અર્કનો જરૂરિયાત મુજબ છંટકાવ કરવો. |
| **જુવાર** | **વાવેતર થી બીજાંકુરણ** | **કાલવ્રણ/ પાનના ટપકાં** |  •કાર્બેન્ડાઝીમ ૫૦ વેપા ૫ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરવા. |
| **શેરડી** | | **પાક સંરક્ષણ** | • શેરડી નો વધુ ઉતારો લેવા તેમજ ખાંડ ની ટકાવારી લેવા રોપણી બાદ ૬, ૭ અને ૮ મહિને એમ ત્રણ વખત ૨૫% પર્ણો (શેરડીના સાંઠા ઉપરના કુલ પર્ણો ના નોચે થી ચોથા ભાગના સુકાયેલા પર્ણો ) કાઢી ખેતરમાં જ આવરણ તરીકે ઉપયોગ કરવો.<br>• શેરડીના પાન કાઢી નાખવાથી ભીંગડાવાળી જીવાત, ચીકટો વગેરે જીવાતોનુ તેના કુદરતી દુશ્મનો દ્વારા અસરકારક નિયંત્રણ થઇ શકે છે. |
| **ટમેટા** | | **પાનકોરીયું** | • પાનકોરીયાના નિયંત્રણ માટે સ્પીનોસાડ ૪૫ એસસી ૩ મીલિ અથવા સાયાન્ટ્રાનિલીપ્રોલ ૧૦ ઓડી ૨૦ મીલિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.  |

| | | |
|---|---|---|
| **રીંગણ** | **પાનકોરીયું** | • પાનકોરીયાના નિયંત્રણ માટે સ્પીનોસાડ ૪૫ એસસી ૩ મીલિ અથવા સાયાન્ટ્રાનિલીપ્રોલ ૧૦ ઓડી ૨૦ મીલિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.  |
| **દુધી** | **પાનકોરીયું** | • પાનકોરીયાના નિયંત્રણ માટે સ્પીનોસાડ ૪૫ એસસી ૩ મીલિ અથવા સાયાન્ટ્રાનિલીપ્રોલ ૧૦ ઓડી ૨૦ મીલિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| **શાકભાજી** | **ધરું ઉછેર/રોપણી વાવેતર** | • મરચી,ટમેટી, રીંગણ, અને કોબીઝના ધરું તૈયાર કરવા (ગ્રીન શેડ નેટમાં અને નેટની ઊંચાઇ ૬.૫ ફૂટ રાખવી) ગાદી ક્યારા બનાવી તેમાં બીજનું વાવેતર કરવું. ધરું તૈયાર હોય તો ફેર રોપણી કરવી.<br>• જમીન જન્ય ફૂગનો ઉપદ્રવ ના થાય તે માટે બીજને મેન્કોઝેબ અથવા થાયરમ અથવા વીટાવેક્ષ પૈકી કોઇ એક દવાનો ૨-૨.૫ ગ્રામ પ્રતિ કિલ્લો બીજ મુજબ પટ આપવો. તેમજ વાવેતર બાદ ૧૦-૧૫ દિવસે મેન્કોઝેબ ૭૫ % વે.પા.નું ૨.૫ ગ્રામ પ્રતિ લીટર પાણીમાં મિશ્ર કરી ધરુના ક્યારામાં ડ્રેન્ચિંગ કરવું જેથી સુકારો ના આવે. |
| | **ધરૂ મૃત્યુ/ ધરૂનો કોહવારો** |  • રોગ દેખાય ત્યારે એઝોક્સિસ્ટ્રોબીન ૨૩ એસસી ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણી અથવા ફેનામીડોન ૧૦% + મેન્કોઝેબ ૫૦% વેપા ૩૦ ગ્રામ ૧૦ લિટર પાણીનો છંટકાવ કરવો અથવા મેટાલેક્ષીલ એમઝેડ ૬૮ વેપા ૨૦૦ લિટર પાણીમાં ૩૨ ગ્રામ મુજબ ઓગાળી એક ગુંઠા વિસ્તારમાં ઝારાથી રેડવું અથવા બોર્ડો મિશ્રણનું દ્રાવણ ઝારાની મદદથી પ્રતિ ચોરસ મીટરે ૨ લીટર મુજબ આપવું. |
| | **કોકડવા** |  •રોગનો ફેલાવો સફેદમાખીથી થતો હોઇ તેના નિયંત્રણ માટે મરચીના પાકમાં પાયરીપ્રોક્ષીફેન ૧૦ ઇસી ૧૬.૬૭ મિ.લિ. પ્રતિ ૧૦ લિટર પાણી તેમજ ટામેટીના પાકમાં સાયાન્ટ્રાનિલિપ્રોલ ૧૦.૨૬ ઓડી ૧૮ મિ.લિ. અથવા ડાયમિથોએટ ૩૦ ઇસી ૧૦ મિ.લિ. અથવા સ્પાયરોમેસીફેન ૨૨.૯ એસસી ૧૨.૫ મિ.લિ. અથવા થાયામેથોકઝામ ૨૫ ડબલ્યુજી ૪ ગ્રામ અથવા ઇમીડાક્લોપ્રીડ ૧૭.૮ એસએલ ૩ મિ.લિ. પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| **પશુપાલન**  | **જીવાત નિયંત્રણ** | • પશુઓમાં બાહ્ય પરોપજીવીના નિયંત્રણ માટે તેના શરીર પર મેલેથિયોન અથવા સાયપરમેથ્રિન @ ૩ મિ.લી. પ્રતિ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.<br>• પશુઓના શેડના ફિનાઇલ ૫.૦ મિલી પ્રતિ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. |
| | **પોષણ** | • પશુઓની પૌષ્ટિક આવશ્યકતાને પૂરક બનાવવા માટે **50** ગ્રામ ખનિજ મિશ્રણ પ્રતિદિન અન્ય ખોરાક સાથે મિશ્ર કરી આપવું, |
| | **કરમિયા** |   • વધુ વરસાદને લીધે કરમિયાનું પ્રમાણ વધે છે, આથી દરેક પશુઓને કૃમિનાશક દવાનો ડોઝ પશુ પ્રાથમિક કેન્દ્રનું માર્ગદર્શન લઇ સત્વરે આપી દેવો |

વિષય નિષ્ણાંત
કૃષિ હવામાનશાસ્ત્ર

# District Agrometeorological Unit (DAMU)

## Gramin Krishi Mausam Seva (GKMS)
## Krishi Vigyan Kendra
## Junagadh Agricultural University
## Amreli-365601
## Phone: 02792-227122


Issued jointly by Junagadh Agricultural University and India Meteorological Department

आजादी का अमृत महोत्सव

#AmritMahotsav

**Join our Telegram channel and block wise WhatsApp groups**

**Amreli District Agromet Advisory Service bulletin. No. 075(2023)**
**Date:20-09-2023**

## Significant weather of past week, Amreli

| | Parameter | 16-09-23 | 17-09-23 | 18-09-23 | 19-09-23 | 20-09-23 | 21-09-23 | 22-09-23 |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Rainfall (mm) | 0 | 0 | 3.5 | 37 | 0.5 | 1.5 | 12.5 |
| 2 | Max.Temp.(°C) | 31.2 | 29.6 | 27 | 30.9 | 32.8 | 32.6 | 33.1 |
| 3 | Min.Temp.(°C) | 26.2 | 24.8 | 25 | 25.5 | 25.3 | 25 | 25 |
| 4 | RH-I (%) | 100 | 100 | 100 | 100 | 100 | 100 | 100 |
| 5 | RH-II (%) | 71 | 81 | 100 | 83 | 71 | 73 | 68 |
| 6 | Wind Speed (kmph) | 11.8 | 12.1 | 10.8 | 9.1 | 9.4 | 7.9 | 6.2 |
| 7 | Total CC (octa) out of 8 | 5 | 6 | 8 | 8 | 6 | 8 | 3 |

**Weather Forecast from 23/09/2023 to 27/09/2023**

| # | Parameter | 23/09/2023 | 24/09/2023 | 25/09/2023 | 26/09/2023 | 27/09/2023 |
|---|---|---|---|---|---|---|
| 1 | Rainfall (mm) | 7 | 29 | 49 | 43 | 33 |
| 2 | Max.Temp.(°C) | 34 | 33 | 33 | 33 | 34 |
| 3 | Min.Temp.(°C) | 24 | 24 | 24 | 23 | 24 |
| 4 | RH-I (%) | 87 | 88 | 91 | 87 | 92 |
| 5 | RH-II (%) | 60 | 62 | 65 | 60 | 66 |
| 6 | Wind Speed (kmph) | 12 | 12 | 12 | 12 | 10 |
| 7 | Wind Direction(deg.) | 248 | 248 | 252 | 270 | 296 |
| | | WSW | WSW | WSW | W | WNW |
| 8 | Total CC (octa) out of 8 | 7 | 7 | 6 | 7 | 8 |

**Note: Above forecast is the average situation of whole district**

## Agro-Advisory

**Weather Summery**

- The weather in Amreli District is likely to be warm, humid, and cloudy in next 5 days.
- Day 1: The Scattered light with isolated light to moderate rainfall likely over the district.
- Day-2-5: The Scattered light to moderate with isolated moderate to heavy rainfall likely over the district.

- The maximum temperature is likely to be **33-34** °C. The minimum temperature is likely to be **23-24**° C in next five days.
- Wind direction likely from WSW-WNW **wind gust speed likely 10 to 12 km/h.**
- **Extended Range Forecast:** The weather of Saurashtra and Kutch is likely to be humid and partly cloudy from 28 September to 02 October. The isolated moderate with scattered light rainfall likely over the region in this week.

**General Advisory**

→ Farmers are recommended to resowing of cluster bean, green gram, black gram, pigeon pea, Castor, Sesame (Purva), Pre-Rabi Onion, Pre Rabi-Pearl millet, Sun hemp for seed, and fodder crops like cluster bean, sorghum and sunflower.

→ Use trichoderma spp. @ 2.5 kg/ha for control of soil bourne diseases, Cotton wilt, and stem rot and collar rot in groundnut. If there is more infestation of disease drenching of Carbendazim 0.05% @ 10 g/10 lit. water.

→ If any crop failure due to heavy rainfall than sowing of mustard and Pre-Rabi millets can be done in 15 to 20 days.

→ If it is more infestation of pests in crop then apply pesticides in clear weather condition.

→ If any crop failure due to heavy rainfall than sowing of mustard and Pre-Rabi millets can be done in 15 to 20 days.




**SMS Advisory:**

→ If there is the failure of any crop due to heavy rainfall, use contingency crops for the resowing.

| Crop | Time of sowing | Variety |
|---|---|---|
| **Pre-Rabi pearl millet** | 15th September to 15th October | GHB-526, GHB-538, GHB-558 |
| **Onion** | October | Gujarat White Onion-1, Pili patti, Talaja Red, Agrifound, Light red, Gujarat Junagadh Red onion-11 |
| **Garlic** | October | Gujarat Garlic-3, 4 and Gujarat Junagadh Garlic-5 |
| **Fennel** | Bed preparation in September and transplanting in October | Gujarat Fennel -11 |
| **Ajwain** | October | Gujarat Ajwain-1, Gujarat Ajwain |
| **Dill seed** | October | Gujarat-1, 2 and 3 |
| **Indian Bean** | October to November | Gujarat-1 and 2 |
| **Pea** | October to November | NP-29 |
| **Sorghum** | October | Gujarat Sorghum-40, Gujarat Sorghum-41, 43, Gujarat Hybrid Sorghum-1, Gujarat Fodder Sorghum-1, 6, Gujarat Anand Fodder Sorghum-13. |
| **Maize** | October | Gujarat Maize-1, Gujarat Maize-6, Narmada Moti, Gujarat Dantiwada Yellow Maize Hybrid-1, Gujarat anand yellow Maize - |


| | | |
|---|---|---|
| | | 3, Madhuri (Sweet corn), Madhuram (Sweet corn), Ambar (Popcorn), Mahashweta (Popcorn) |
| **Sunflower** | September- October | Gujarat-1, 2 and 3 |
| **Mustard** | October | Gujarat-1, 2 and 3 |
| **Chickpea** | October | GJG-3, GG-5 |
| **Cabbage** | August to January | Golder acre, Pusa cum head |
| **Cauliflower** | October to November | Early kuwari, Pusa Kartiki, Pusa Dipali and Early Synthetic |
| **Carrot** | October to November | Gujarat Dantiwada carrot-1, Golden Heart, Kashmiri Beauty |

| Crops | Crop Stage | Practices | Advisory |
|---|---|---|---|
| **Onion (Kharif)** | Growth and Bulb Development | Purple Blotch |   Spray difenoconazole 25% EC @ 40 ml in 200 l of water/acre or kitazin 48% EC @ 80 ml in 80 l of water (or as required depending upon crop stage and plant protection equipment used)/acre. |
| | | Fusarium basal rot/basal plate rot |  Apply Copper Oxychloride 50 WP @ 500 g and Carbendazim @ 150 g/acre with irrigation |
| **Onion (Pre-rabi)** | Transplanting | Bed Preparation | Transplanting should be done when seedling is 40 to 45 days old. |
| | | Fusarium basal rot/basal plate rot | For avoid Basal rot in onion, the seedlings should be dipped in Carbendazim (50 WP) at 10 g / liter and transplating. |
| | | Fertilizer | Basal dose: 72 kg urea, 312 kg SSP, 83 kg MOP according to soil testing report. Do not apply in rainy condition. |
| **Onion (Rabi)** | Bed Preparation | Bed preparation | • Prepare raised bed for seedling.<br>• Sowing in 400 to 500 sq. m. for transplanting in 1 ha.<br>• Size of the beds: 4-5*1-1.5 m, height: 15 cm.<br>Apply 25 kg Ammonium sulphate, 17 kg SSP, and 4 to 5 kg MOP per bed as per the soil testing report. |
| | | Varieties | N-53, Agrifound, Dark Red, Baswant-780, Bhima Super |
| | | Sowing time | September - October |
| **Groundnut** | **Pegging and Pod developenment** | Tikka Disease/ Early leaf spot |   Spray Tebuconazole 10 ml/10 lit of to prevent leaf spot infestation. |

| | | | |
|---|---|---|---|
| | | Rust |  Appy three spray of Chlorothalonil 75 WP @ 27 g or Mancozeb 75 WP @ 27 g or Hexaconazole 5 EC @ 5 ml in 10 litres at intervals of 12 to 15 days or spray fresh neem leaf extract with 1% solution. |
| | | Wireworm |   Apply forate 10 G @ 10 kg/ha. |
| | | White grub | • Install light trap on infested area, collect the adults and destroy it.   Apply spray of quinalphos 25 EC or Chlorpyriphos 20 EC @ 4 litre/ha with irrigation, or drenching in soil. |
| | | Collar rot/ Stem rot | • Apply trichoderma spp. @ 2.5 kg with Castor cake @ 500 kg/ha<br>• If there is more infestation apply apply carbandazim 0.05% @ 15 g/pump as a drenching. |
| | | (Spodoptera) | • Install light trap @ 1/ha to collect and destroy adults.<br>• Install pheromone traps @ 40/ha to control the populatipon of adults, Alos apply spray of neem seed kernal extract @ 500 g or neem based insecticide 1 EC @ 20 ml or Beauveria Bassiana 40 g in 10 litre of water. |
| **Castor** | Vegetative Growth | Semilloper and spodoptera |   Spray chlorantraniliprole 18.5 SC @ 3.0 ml or indoxacarb 14.5 SC @ 5.0 ml or emamectin benzoate 5 % WG @4.0 g or spinosad 45 SC @ 2.0 ml in 10 liters of water at an interval of 15 days for control of Semilooper and spodoptera. |
| | | Sucking pests |   <br>• apply spray of neem seed kernal powder 500 g or neem oil 50 ml in 10 litre of water at the initiation of the infestation.<br>• Apply spray of flonicamid 50 WG @ 30 g or Diafenthiuron 50 WP 10 g or Dinotefuran 20 SG 3 g or Clothianidin 50 WDG 4 g or Fipronil 5 SC 20 ml or Acephate 50%+ Imidacloprid 1.8% SP 10 ml in 10 litre of water. |

| | | | |
|---|---|---|---|
| | | Wilt | • Applying Trichoderma spp. @ 2.5 kg per hectare with castor cake in the soil. |
| **Cotton** | **Vegetative to first square** | Fertilizer | • Apply DAP @ 55 kg and MOP @ 125 kg / ha during ridge making.<br>• Apply Ammonium sulphate 344 kg/ha in the third week after sowing. |
| | | Growth enhancer | • Apply naphthalene acetic acid 30 ppm (0.3 g/10 lit water) at 50 and 70 days after sowing to increase the yield by an increase in a number of chlorophylls, the thickness of leaves, squares, length of sympodia, and a number of bolls. |
| | | Sucking pests | <br>• apply spray of neem seed kernal powder 500 g or neem oil 50 ml in 10 litre of water at the initiation of the infestation.<br>• Apply spray of flonicamid 50 WG @ 30 g or Diafenthiuron 50 WP 10 g or Dinotefuran 20 SG 3 g or Clothianidin 50 WDG 4 g or Fipronil 5 SC 20 ml or Acephate 50%+ Imidacloprid 1.8% SP 10 ml in 10 litre of water. |
| | | Pink Bollworm | <br>•<br>• To survey pink bollworm in cotton, install two pheromone traps (with lure) per acre, check the average 8 male adults per days trapped for 3 consecutive days, then spray neem seed kernel extract 5% or neem oil @ 50 ml per 10 litres of water. |
| | | Yellowing Leaves of cotton | • If there is observed cotton leaves yellow and red, then spray 19-19-19 (N.P.K) @ 100g and Micromix (Grade-4) @ 25g per pump in 2 to 3 replications in clear weather condition. |

| | | | |
|---|---|---|---|
| **Pearl Millet** | Flowering to Grain filling | Leaf blast | • At the initiation of disease, apply spray Carbendazim 50  WP 10 g/10 liters of water, apply two sprays at 15-20 days of interval. |
| **Sesame** | Flowering and capsule formation | Curling of leaves | • Curling of leaves is caused by mite of leaf Webber, for    control of mite spray Fenpyroximate 5EC @ 15 ml. Or control of leaf Webber and mite correspondingly spray thiodicarb 75 WP @ 15 g in 15 liters of water |
| | | Phyllody | • The disease is spread by jassids, remove the infected plants from the field and destroy or burry it, apply two spray of Dimethoate 30 % EC @ 10ml/10 litre of water at 10 days interval for the control of jassids.  |
| | | Leaf webber | • Install light traps.<br>• Apply spray of beauveria bassiana @ 40 g or neem see kernal powder @ 500 g in 10 litre of water.<br>• Apply spray of quinalphos 25 EC @ 20 ml or Chlorpyriphos 20 EC @ 20 ml or acephate 75 SP @ 10 g in 10 litre of water.  |
| **Pigeon Pea** | | Weed management | • Keep the field clean with Interculturing and weeding as required. If there is a shortage of farm labor, for chemical control, spray, pendimethylene (stomp) 1 kg / ha by dissolving the active ingredient in 600 liters of water. Spray immediately after sowing before germination. |
| **Green Gram / Black Gram** | | Yellow mosaic virus |  •The disease is transmitted through whitefly,<br>•Apply Dimethoate 30 EC @ 10 ml or Imidacloprid 17.8 SL @ 3 ml or Acetamiprid 20 SP @ 2 g or or neem oil @ 40 ml in 10 litres of water. |
| | | Anthracnose |  • Apply spray of Carbendazim 50 WP @ 10 g/ 10 litre of water |
| **Maize** | | Maydis blight in maize | • • Spray, Tebuconazole 25 EC @10 ml or propiconazole 25 EC @10 ml or Mancozeb 75 WP @27 g in 10 liters of |

| | | | |
|---|---|---|---|
| | | |  water or Cow urine @ 1 liter in 10 liters of water or 10% extract of neem leaves as required. |
| **Sorghum** | Sowing to germination | Anthracnose | • Apply two sprays of Carbendazim 50 WP @ 5 g/ 10 litre of water at 15 days of interval.  |
| **Sugarcane** | | Crop Protection | • To control aphids and whiteflies in sugarcane, spray 5% solution made from Neem seed @ 500 g of 10 liters of water. |
| **Tomato** | Bad preparation | Leaf miner | •  <br>• Spray Spinosad 45 SC @ 3 ml or Cyantraniliprole 10 OD @ 20 ml in 10 liters of water for control of leaf miner. |
| **Brinjal** | Bad preparation | Leaf miner | • Spray Spinosad 45 SC @ 3 ml or Cyantraniliprole 10 OD @ 20 ml in 10 liters of water for control of leaf miner. |
| **Bottle guard** | | Leaf miner | • Spray Spinosad 45 SC @ 3 ml or Cyantraniliprole 10 OD @ 20 ml in 10 liters of water for control of leaf miner. |
| **Vegetable Crops** | | Transplanting | • Carry out transplanting for tomato, chili, brinjal and early cauliflower those who have seedlings ready for T.P.<br>• To prevent soil borne disease drenching of nursery bed should be done with Mencozeb 75 % WP @ 2.5 gm/ litre of water after 15 DAS. |
| | | Damping off |  • When the disease appears, spray azoxystrobin 23 SC @10 ml or fenamidone 10% + Mancozeb 20% WP 30 gm in 10 liters of water or drenching of metalaxyl MZ 68 WP @ 32 g in 200 liters of water per 100 square meter or spply bordeux mixure @ 2 litre per square meter. |
| | | Leaf curl | • Pyriproxyfen 10 % EC @ 17 ml or Cyantraniliprole 10.26 % OD @ 18 mlin 10 litre of water |
| | | Pest & disease | • To control of ectoparasites in cattle apply malathion or cypermethrin @ 3.0 ml/l of water on the body of cattles. |

| | | |
|---|---|---|
| **Livestock**  | | • Spray phenyle @ 5.0 ml/l in floor of cattle shed. Close the window and doors with curtain. |
| | Feed | • Provide 50 gm mineral mixture per animal for supplemet the nutrient requirement. |
| | Worms |   • Infestation of worms is increase in excessive rainfall situation, apply deworming vaccine to each animals through guidance of primary animal health centre. |

**Subject Matter Specialist**
**Agrometeorology**